# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહેસૂલ વિભાગની એક જ મોબાઈલ ઍપ્લિકેશન રાખવા અનુરોધ કર્યો.

2) સશસ્ત્ર દળોના અદમ્ય સાહસ અને શૌર્યનું પ્રતિક ઓપરેશન સિંદૂરનું આજે એક વર્ષ પૂર્ણ.

3) રાજ્યમાં HPV રસીકરણ અંતર્ગત 5 લાખથી વધુ દીકરીઓને સુરક્ષિત કરવામાં આવી.

4) દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠેથી બે કરોડથી વધુની કિંમતનો માદક પદાર્થ ઝડપાયો.

5) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લામાં આજે માવઠાની આગાહી.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CHINTAN SHIBIR

ગાંધીનગરમાં ત્રણ દિવસથી ચાલી રહેલી મહેસૂલ વિભાગની ચિંતન શિબિરનું આજે સમાપન થયું. આજે યોજાયેલા સમાપન સમારોહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહેસૂલ વિભાગની એક જ મોબાઈલ ઍપ્લિકેશન રાખવા અનુરોધ કર્યો. તેમણે અધિકારીઓને જમીનસ્તરે કામ કરવા પણ ટકોર કરી.

(BYTE : HARSH SANGHAVI, DY. CM)

સારા જમીન વહીવટ માટે સહયોગ-નવીનતા અને પરિવર્તન’ની થીમ સાથે આ ચિંતન શિબિર યોજાઈ હતી જેમાં મહેસૂલી અધિકારીઓ-જિલ્લા કલેક્ટરનું સામૂહિક ચિંતન-મંથન થયું.

# OPERATION SINDOOR

ઓપરેશન સિંદૂરને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. ગયા વર્ષે પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ ઓપરેશન નિયંત્રણ રેખા પાર અને પાકિસ્તાનની અંદર આતંકવાદી માળખાને તોડી પાડવા માટે એક શિક્ષાત્મક અને લક્ષિત ઝુંબેશ હાથ ધરાઇ જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી છાવણીઓ પર હુમલો કરાયો, જેમાં 100થી વધુ આતંકવાદી માર્યા ગયા હતા. આ ભારે નુકસાનથી પીડાતા, પાકિસ્તાનને યુદ્ધવિરામનો આશરો લેવાની ફરજ પડી હતી. આ ઓપરેશને જમીન, હવા અને સમુદ્રમાં ઉચ્ચ-ચોકસાઇ, સંકલિત લશ્કરી કાર્યવાહી માટે ભારતની ક્ષમતા દર્શાવી.

# IIM-NITI-AYOG

નીતિ આયોગ દ્વારા IIM-અમદાવાદ ખાતે 'ટકાઉ વિકાસ લક્ષ્ય-5 જાતીય સમાનતા' અંગે વર્કશોપ યોજાયો. આ વર્કશોપમાં મહિલા સશક્તીકરણ, મહિલા નેતૃત્વ આધારિત વિકાસ અને ડેટા આધારિત નીતિ અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે વર્ચ્યુઅલ જોડાયેલા કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે મહિલાઓના સર્વાંગી સશક્તીકરણ માટે ડેટા આધારિત નીતિઓ અને ટેકનોલોજી આધારિત હસ્તક્ષેપ સમયની માંગ છે. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલે જણાવ્યું હતું કે જાતીય સમાનતા માત્ર સામાજિક વિકાસનો મુદ્દો નથી, પરંતુ તે ન્યાય, સમાનતા અને બંધારણીય મૂલ્યો સાથે સંકળાયેલો વિષય છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તીકરણ માટે કરવામાં આવેલા વિવિધ પ્રયાસો અને સિદ્ધિઓની વિગતો રજૂ કરતા જણાવ્યું કે, નાણાકીય વર્ષ 2026-27 માટે રાજ્ય સરકારે જેન્ડર બજેટ અંતર્ગત 1.62 લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે, જે રાજ્યના કુલ બજેટના 39.94 ટકા જેટલું છે.

# HPV VACCINATION

રાજ્યમાં HPV રસીકરણ અભિયાન અંતર્ગત 5 લાખથી વધુ દીકરીઓને સુરક્ષિત કરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે મહિલાઓમાં થતા સર્વાઇકલ એટલે કે ગર્ભાશયના મુખના કેન્સર સામે દીકરીઓને સુરક્ષિત કરવા 'HPV રસીકરણ અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ગુજરાતે 90 ટકા લક્ષ્યાંક પૂર્ણ કર્યો છે. તેમણે 14 વર્ષની દીકરીઓને સરકારી આરોગ્ય કેન્દ્રો પર નિઃશુલ્ક રસીનો લાભ લેવા પણ અનુરોધ કર્યો.

( BYTE : PRAFUL PANSERIYA, HEALTH MINISTER )

# NAVSARI CYBER CRIME

સિલાઈ મશીન વેચવાના બહાને લોકો પાસેથી ઓનલાઈન રૂપિયા પડાવનાર શખ્સને નવસારી સાયબર ગુના શાખાએ ઝડપી લીધો છે. પોલીસ આ શખ્સની આણંદ ખાતેથી ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં આ આરોપી સામે સાયબર ક્રાઇમ એક્ટ હેઠળ રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ 62 જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.

# BHARUCH-ACCIDENT

ભરૂચના વાગરા પંથકમાં આવેલી એક ખાનગી કંપનીમાં અકસ્માત થતાં એક કર્મચારીનું મોત થયું છે. કંપની પરિસરમાં કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક લોખંડનો જર્જરિત શેડ ધરાશાયી થતાં ત્યાં ફરજ બજાવી રહેલા કર્મચારીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જોકે સારવાર મળે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# ODISHA CM SOU

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માંઝીએ આજે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આવેલી વિશાળ ફોટો પ્રદર્શન ગેલેરી પણ નિહાળી હતી. મુલાકાત બાદ તેમણે પ્રતિક્રિયા આપી હતી.

( BYTE : MOHANCHARAN MAJHI, CM ODISHA )

# DWARKA MADAK PADARTH

રાજ્યના દરિયાકાંઠેથી આજે મોટા પ્રમાણમાં માદક પદાર્થ મળી આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર નજીક દરિયાકાંઠેથી બે કરોડ 27 લાખ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ ઝડપાયો. પોલીસે સાડા ચાર કિલોગ્રામથી વધુનો માદક પદાર્થનો જથ્થો કબજે કર્યો. આ અંગે પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન દરિયાકાંઠા વિસ્તારમાં તપાસ પણ સઘન બનાવાઇ છે.

# SOMNATH SWABHIMAN

11 મેના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાનારા "સોમનાથ સ્વાભિમાન પર્વ", વારસા અને વિકાસ વચ્ચેનો સમન્વય દર્શાવે છે. ત્યારે આ ખાસ પ્રસંગે દેશભરમાંથી ભક્તો સોમનાથ આવી રહ્યા છે. દિલ્હીથી યાત્રાળુઓનું એક જૂથ અહીંની અત્યાધુનિક સુવિધાઓ જોઈને અભિભૂત થઈ ગયું. દિલ્હીથી આવેલા ભક્ત કપિલ કુમારે સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી.

( BYTE : KAPIL KUMAR, SHRADDHALU )

# SURENDRANAGAR-FOOD

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કાર્યરત ખાનગી પેઢી સામે ખાદ્ય સલામતી અને પ્રમાણભૂત એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. નિવાસી અધિક કલેક્ટર કે. આર. પટેલની કોર્ટ દ્વારા આ પેઢીને સબ-સ્ટાન્ડર્ડ ખાદ્યચીજોના વેચાણ બદલ દોષિત ઠેરવી અદાલતે કુલ 40 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ દ્વારા આ એકમ પરથી કે કેરીનું અથાણું અને ગળ્યું લીંબુનું અથાણુંના નમૂના લઈ પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવ્યા હતા. રિપોર્ટમાં બંને નમૂનાઓમાં બેન્ઝોઈક એસિડનું પ્રમાણ નિયત મર્યાદા કરતા ઘણું વધારે મળી આવ્યું હતું.

# WEATHER

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ આજે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વરસાદ પડી શકે છે. તે ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાંક જિલ્લામાં પણ વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું.

( BYTE : DR. A K DAS, DIRECTOR )

# RAIN DISTRICTS

કમોસમી વરસાદની આગાહીને પગલે આજે ડાંગ જિલ્લાના સાપુતારા અને તેના તળેટી વિસ્તારોમાં ગાજવીજ અને પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા. માવઠાના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે ખેડૂતોની ચિંતામાં વધારો થયો હતો. આજે તાપી જિલ્લાના વાલોડ પંથકમાં બપોર બાદ વાદળછાયુ વાતાવરણ સર્જાયા બાદ પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો.

# PUSTAK VIMOCHAN

અમદાવાદ મેનેજમેન્ટ એસોશીએશન ખાતે આજે રામના 64 દિવ્ય ગુણો દ્વારા નવી પેઢીનું ઘડતર આધારિત સર્વસ્વ શ્રીરામ પુસ્તકનું આજે વિમોચન કરાયું. આ પ્રસંગે મહાનુભાવોએ રામના આદર્શોને આધુનિક યુગમાં કઇ રીતે જીવનમાં પરોવી શકાય તેની વિગતો પ્રસ્તુત કરી.

# WORKSHOP-BAVLIYA

'બાળ અધિકારો: પ્રશ્નો અને પડકારો' વિષય પર ગાંધીનગર ખાતે એક દિવસીય રાજ્યસ્તરીય વર્કશોપનું મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી બાવળીયાએ જણાવ્યું હતું રાજ્ય સરકાર બાળકોના સર્વાંગી વિકાસ અને તેમના હક્કોના રક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. મંત્રીશ્રીએ બાળલગ્ન જેવી સામાજિક બદીઓને જડમૂળથી ઉખેડવા માટે જનજાગૃતિ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન ધર્મિષ્ઠા ગજ્જરે જણાવ્યું હતું કે આયોગ, સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે મજબૂત સંકલન સ્થાપિત કરી બાળકોના અધિકારોને વધુ સશક્ત બનાવવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. આ તકે અમદાવાદની માહી ભટ્ટને સન્માનિત કરવામાં આવી હતી.

# BAOU-DEVVRAT

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો 11મો પદવીદાન સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષોને યાદ કરતાં રાજ્યપાલે સામાજિક સમાનતા પર ભાર મૂક્યો હતો. યુવાનોને પ્રેરણા આપતા તેમણે જણાવ્યું કે, માત્ર ડિગ્રી મેળવવી એ જ પૂરતું નથી, પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવી પણ અનિવાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણ રક્ષણ, જળ સંરક્ષણ, ગૌ-સેવા અને પ્રાકૃતિક ખેતી જેવાં અભિયાનોમાં જોડાવા અપીલ કરી હતી. રાજ્યપાલે  અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ  કિશોર મકવાણાને ‘ડૉ. બાબાસાહેબ આંબેડકર સમરસતા પુરસ્કાર’થી સન્માનિત કર્યા હતા.  11 મા પદવીદાન સમારોહમાં કુલ 22 હજાર 770 વિદ્યાર્થીઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં 37 સુવર્ણ ચંદ્રક, 40 રજત ચંદ્રક અને 41સર્ટિફિકેટ મળીને કુલ 118 પુરસ્કારનો સમાવેશ થાય છે.